## જીએસટી સંદર્ભે સબ-રજીસ્ટ્રાર કચેરીઓનો સમય વધારાયો

ગાંધીનગરઃ ૧ જુલાઈથી જીએસટીનો અમલ થવાનો હોવાથી હાલમાં દસ્તાવેજ નોધણીની કામગીરીમાં વધારો થયો છે. દસ્તાવેજ નોંધણીના કાર્યભારણને જોતા દસ્તાવેજ નોંધણીની કામગીરીનો સમય વધારવાની જરૂરીયાત જણાતા તેનો સવારે ૧૧ થી ૫ થી હતો તેના બદલે સાંજના ૭ કલાક સુધી કરાયો છે.

## સરકારી કે ખાનગી શાળાના શિક્ષકોએ પહેલાં તાલિમી શિક્ષક બનવું પડશે

ગાંધીનગરઃ નવી દિલ્હીમાં કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકરની અધ્યક્ષતમાં મળેલી એનસીઈઆરટીની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ સરકારી કે ખાનગી શાળાઓમાં બિન તાલીમી શિક્ષકો હશે તો ૨૦૧૯ પહેલા તેમણે તાલીમી શિક્ષક બનવું પડશે. આ બેઠકમાં રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહયું હતું કે ગુજરાતમાં ૨૦૧૮ થી એનસીઈઆરટીના પુસ્તકોનો અમલ કરાશે.

## અસલાલી નજીક રીક્ષા અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં પાંચના મોત

અમદાવાદ : અમદાવાદ શહેરના નારોલ - અસલાલી ધોરી માર્ગ પર મોડી રાત્રે રીક્ષા અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં રીક્ષામાં મુસાફરી કરી રહેલા નવ પૈકી પાંચ લોકોનું ગંભીર ઈજાઓ થતાં મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે ચારને ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

શહેરના નારોલ સર્કલથી રીક્ષા અસલાલી તરફ જઈ રહી હતી ત્યારે પુર ઝડપે આવી રહેલી કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં રીક્ષામાં મુસાફરી કરી રહેલા કુલદીપ ચક્રવર્તી, વિજયસિંહ, મહેન્દ્ર વણઝારા, અને અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત બાદ કરા ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## સુરેન્દ્રનગરના ભાજપના સાંસદ દેવજી ફતેપરા સામે બિન જામીનપાત્ર વોરંટ

ગાંધીનગરઃ રૂ.૧.૪૮ કરોડનો ચેક બાઉન્સ થવાના કેસમાં કલોલની સ્પે.કોર્ટ દ્વારા ભાજપના સુરેન્દ્રનગરના સાંસદ દેવજી ફતેપરા સામે બિનજામીનપાત્ર વોરંટ કાડવામાં આવ્યું છે. ફતેપરાએ આપેલો ચેક રીટર્ન થતા આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

ફરિયાદી પ્રભાત ઠાકોર દ્વારા ૧૩-૧૦-૨૦૧૬ના દિવસે કલોલની સ્પે. કોર્ટ સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે, ૨૦૧૪ની લોકસભાની ચુંટણી લડવા માટે તેમણે ભાજપના ઉમેદવાર ફતેપરાને ૧.૪૮ કરોડ આપ્યા હતા. આ ચુંટણીમાં વિજય બાદ તેમણે આ નાણાં પાછા માંગ્યા હતા. જેમાં ભાજપના સાંસદ દ્વારા થોડોક સમય માંગવામાં આવ્યો હતો, ત્યારબાદ કેટલાક જમીનના દસ્તાવેજો આપ્યા હતા. જોકે તે સાંસદની પત્નીના નમના હતા. ત્યારબાદ સાંસદ દ્વારા ચેક આપવામાં આવ્યો હતો અને પોતે ગ્રીન સિગ્નલ આપે પછી જ ચેક જમા કરાવવાનું કહયું હતું. પાછળથી ઠાકોર દ્વારા આ ચેક જમા કરાવાતા તે રીટર્ન થયો હતો. આ સંદર્ભમાં અગાઉ પણ કોર્ટ દ્વારા સાંસદ સામે વોરંટ કાઢવામાં આવ્યું હતું.

# UPAના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મીરાકુમાર ગાંધીઆશ્રમની મુલાકાત લઈ પ્રચાર શરૂ કરશે

**યુપીએના** ઉમેદવાર ૩૦મી જૂને અમદાવાદ આવશે અને હૃદયકુંજમાં બાપુને પુષ્પાંજલિ આપીને પ્રચાર ઝૂંબેશ છેડશે

ગાંધીનગરઃ આગામી તા.૧૭મી જુલાઈના રોજ રાષ્ટ્રપતિ પદની ચુંટણી યોજાનાર છે ત્યારે યૂપીએ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મીરાકુમાર આગામી ૩૦મી જૂનના રોજ અમદાવાદની મુલાકાતે આવી રહયા છે. અહીં ગાંધીઆશ્રમની મુલાકાત લઈ મીરાકુમાર રાષ્ટ્રપતિ પદની ચુંટણીના પ્રચાર ઝુંબેશનો આરંભ કરશે. આવતીકાલે યૂપીએના ઉમેદવાર મીરાકુમાર ઉમેદવારરી પત્ર ભરનાર છે ત્યારે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા નવી દિલ્હીમાં હાજરી આપે તેવી સંભાવના છે. કોંગ્રેસના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે, મીરાકુમાર ૩૦મી જૂને ગાંધી આશ્રમની મુલાકાત લેશે અને હૃદયકુંજ ખાતે મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી પ્રચાર ઝુંબેશનું આરંભ કરશે. તે જ દિવસે બપોરે મીરાકુમાર પાલડી પાસે આવેલા કોંગ્રેસના વડામથકની મુલાકાત લઈ કોંગ્રેસના ધારાસભ્યો સાથેની બેઠકને સંબોધન કરશે. આ ઉપરાંત પાર્ટીના પ્રદેશ હોદ્દેદારો સાથે પણ બેઠક કરશે.

**ગેહલોત અને સોલંકી સાથેની આ બેઠકમાં શંકરસિંહ ઉપસ્થિત રહેશે**

વાઘેલાએ આજે ગાંધીનગરમાં એવા નિર્દેશ આપ્યા હતા કે તેઓ ગેહલોત અને સોલંકી સાથેની આ બેઠકમાં ખાસ ઉપસ્થિત રહેશે. વાઘેલાએ તાજેતરમાં ગાંધીનગર કરેલા શક્તિ પ્રદર્શન દરમ્યાન કોંગ્રેસની નેતાગીરી દ્વારા વિધાનસભાની ચુંટણીના સંદર્ભમાં કોઈ હોમવર્ક નહીં કરાયું હોવાનો બળાપો વ્યક્ત કર્યો હતો. વાઘેલાએ એવું કહ્યું હતું કે, કોંગ્રેસ રાજકીય આપઘાત કરવાની દિશામાં અગળ વઈ રહી છે અને હું કોંગ્રેસની સાથે ખાડામાં પડવા તૈયાર નથી. કપડવંજમાં પણ કાર્યકરો અને ટેકેદારોના સંમેલનમાં વાઘેલાએ એવું કહ્યું હતું કે, કોંગ્રેસે યુવા નેતાગીરીને આગળ કરવી જોઈએ નહીં તો ૨૦૧૨નું પરિણામ રીપીટ થશે. તેમણે ખાસ કરીને યુવા નેતાઓને તક આપવાની વાત કરી હતી. આ ઉપરાંત નવી દિલ્હીમાં જઈને કાર્યકરોની લાગણીથી રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને વાકેફ કરવાની વાત કરી હતી.

**૨૯મી જૂને ગેહલોતની ઉપસ્થિતિમાં કોંગ્રેસની બેઠક**

આગામી તા.૨૯મી જૂને પ્રદેશ કોંગ્રેસ પ્રભારી અશોક ગેહલોત અમદાવાદની મુલાકાતે આવી રહયા છે. ગેહલોતની ઉપસ્થિતિમાં વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે નિમાયેલા પ્રદેશ નિરીક્ષકો તેમજ ૨૬ લોકસભા બેઠકો માટેના નિરીક્ષકોની મહત્ત્વની બેઠક યોજાશે. આ બેઠકમાં ગેહલોત ઉપરાંત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ ભરતસિંહ સોલંકી, વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા તેમજ પાર્ટીના સીનીયર અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. જેમાં વિધાનસભાની ચુંટણીની રણનીતિ અંગે ચર્ચા વિચારણા કરાશે. તેમજ ઉમેદવારો નક્કી કરવાની પ્રક્રિયાને વધુ તેજ બનાવાશે.

# અમદાવાદમાં ૫ ટકા જીએસટીના વિરોધમાં કાપડ બજાર સજ્જડ બંધ

**વેપારી** ઉપરાંત દલાલો હોલસેલર, રીટેઈલર, હાથલારીવાળા, ટેમ્પો ચાલકો પણ હડતાલમાં જોડાયા



ગાંધીનગરઃ સુરત, અમદાવાદ, રાજકોટ અને વડોદરા સહિત રાજ્યભરમાં કાપડ બજારમાં વેપારી મહાજનોનો રોષ ૫ ટકા જીએસટી સામે ફાટી નિકળ્યો છે. આજથી ત્રણ દિવસ માટે કાપડ બજારમાં બંધનો આરંભ થયો છે. અમદાવાદમાં તો કાપડ બજાર દ્વારા ૫ ટકા જીએસટી સામે સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. મસ્કતી માર્કેટ કાપડ બજારના પ્રેસીડેન્ડ ગૌરાંગ ભગતે કહયું હતું કે, જીએસટીના વિરોધમાં શહેરના તમામ કાપડ બજારો બંધ રહયા છે અને ૫ ટકા જેસટી હટાવવાની માંગ કરી રહયા છે. વેપારીઓનું કહેવું છે કે દેશભરમાં સૌથી વધુ રોજગારી આપતો આ વ્યવસાય છે, જેના ઉપર ૫ ટકા જીએસટીનું ભારણ નાં ખવાના કારણે નાના વેપારીઓ સૌથી વધુ મુશ્કેલી અનુભવી રહયા છે. કાપડ વેપારીઓને જીએસટીમાં રાહત આપવી જોઈએ. મસ્કતી માર્કેટ ઉપરાંત ન્યૂક્લોથ માર્કેટ, ઘંટાકર્ણ માર્કેટ, પાંચકુવા, સિંધી માર્કેટ, સુમેલ ૧-૨-૩ સહિતના કાપડ બજારોએ આજથી ત્રણ દિવસ માટે બંધ પાળ્યો છે. કાપડ ઉપર જીએસટીના વિરોધમાં વેપારી ઉપરાંત દલાલો હોલસેલર, રીટેઈલર, હાથલારીવાળા, ટેમ્પો ચાલકો પણ હડતાલમાં જોડાયા છે.

## કરોડો રૂપિયાનું કરી નાંખનાર સાધ્વી જયશ્રીગિરી બે દિવસના રિમાન્ડ પર

અમદાવાદઃ પોલીસ જાપ્તામાંથી ફરાર થયા બાદ ક્રાઈમ બ્રાંચની ટીમે સાધ્વી જયશ્રીગીરીને ઉદયપુર નજીકથી તેના દત્તક પુત્ર સાથે ઝડપી લીધી હતી. પોલીસે મેટ્રો કોર્ટમાં સાધ્વી જયશ્રીગીરીને રિમાંડ માટે રજૂ કરતા કોર્ટે સાધ્વીના બે દિવસના રિમાંડ મંજૂર કર્યા હતા, જ્યારે તેના પુત્ર રૂદ્ર ઉર્ફે રાગિનને શરતી જામીન પર મુક્ત કર્યો છે.

સાધ્વી જયશ્રીગીરીના ક્રાઈમ બ્રાંચના તપાસનીશ અધિકારીએ રિમાંડ માટે મેટ્રો કોર્ટ સમક્ષ રજુ કરી ત્રણ દિવસના રિમાંડની માંગણી કરતા રજુઆત કરી હતી કે, આ કેસમાં સત્યના મૂળ સુધી પહોંચવા સાધ્વી જયશ્રીગીરીના રિમાંડ ખૂબ જરૂરી છે. પોલીસ કસ્ટડીમાંથી નાસી જવામાં કોણે કોણે મદદ કરી ? આટલા દિવસ ક્યાં રોકાઈ ? તે તમામ વિગતો મેળવવાની છે. આથી રિમાંડ જરૂરી છે. કોર્ટે રજુઆતના અંતે સાધ્વી જયશ્રીગીરીને બે દિવસના રિમાંડ પર સોંપવા આદેશ કર્યો હતો.

# ભાવનગરમાં બે રત્ન કલાકારની હત્યા કરીને લાખોના હિરાની લૂંટ

**મોડી રાત્રે** લૂંટારૂઓ કારખાનામાં ત્રાટકી સૂઈ રહેલા બંને રત્ન કલાકારોને બોથડ પદાથ મારી હત્યા કરી લૂંટ ચલાવી

અમદાવાદઃ ભાવનગરના કુમુદવાળી વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે હીરાના કારખાનામાં લૂંટારૂઓ ત્રાટક્યા હતા, લૂંટારૂઓએ કારખાનામાં સૂઈ રહેલાબે રત્નકલાકારોની બોથડ પદાર્થના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી લાખોના હિરાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે લૂંટારૂઓને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ ભાવનગરના કુમુદવાડી વિસ્તારમાં આવેલા હિરાના કારખાનામાં કામ કરતા રત્ન કલાકાર ચંદુભાઈ કોળી અને અનિલ કોળી રાત્રીના સમયે કારખાનામાં કામ કરી ત્યાં સુઈ ગયા ત્યારે મોડી રાત્રે લૂંટારૂઓ કારખાનામાં ત્રાટક્યા હતા અને સૂઈ રહેલા બંને રત્ન કલાકારોને બોથડ પર્દાથ મારી હત્યા કરીને લાખોના હીરાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.

આ બનાવની જાણ પોલીસને થતાં પોલીસ વડા દિપાંકર ત્રિવેદી સહિત ઉચ્ચ અધિકારીઓ, ડોગ સ્કવોર્ડ, ફેરેસીન્સ લેબોરેટરીના નિષ્ણાતોએ ઘટના સ્થળની મુલાકાત લઈ તપાસનો દોર શરૂ કર્યો છે.

# ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં વિહિપ નેતા અતુલ વૈદ્ય હાઈકોર્ટમાંથી જામીન મુક્ત

**પુરાવાઓને** ધ્યાને લેતા જામીન મંજૂર કરવામાં આવે છે તેવું હોઈકોર્ટનું તારણ

અમદાવાદઃ ગોધરા કાંડ બાદ અમદાવાદમાં ફાટી નિકળેલા કોમી તોફાનો દરમ્યાન બનેલા ગુલબર્ગ હત્યાકાંડ ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં જેલવાસ ભોગવી રહેલા વિશ્વ હિન્દુ પરિષદના નેતા અતુલ વૈદ્યને ગુજરાત હાઈકોર્ટે જામીન ઉપર મુક્ત કરવા આદેશ કર્યો છે. આ કેસમાં અગાઉ વૈદ્યને ૭ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટે અતુલ વૈદ્યને શરતી જામીન આપતા નોંધ્યું હતું કે, આરોપીને થયેલી સજા સામેની અપીલ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે તેમજ આરોપી છેલ્લા એક વર્ષથી જેલમાં છે, ત્યારે તેની સામેના પુરાવાઓને ધ્યાને લેતા જામીન મંજૂર કરવામાં આવે છે. વૈદ્ય તરફથી કરાયેલી જામીન અરજીમાં રજુઆત કરાઈ હતી કે, આરોપી વિરુદ્ધ આ કેસમાં પૂરતા પુરાવા નથી. તેમને ખોટી રીતે કેસમાં સંડોવી દેવાયા છે. નીચલી કોર્ટ દ્વારા ૭ વર્ષની સજાના હુકમ સામે હાઈકોર્ટમાં અપીલ પડતર છે તેમજ છેલ્લા એક વર્ષથી તેઓ જેલવાસ ભોગવી રહયા છે. આ સંજોગો જોતા તેમને જામીનનો લાભ આપવો જોઈએ.

# સૈયદ સલ્લાહુદ્દીનને ત્રાસવાદી જાહેર કરીને અમેરિકાએ પાકિસ્તાનનું નાક કાપ્યું છે



વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાતની નક્કર ઉપલબ્ધિના રૂપમાં અમેરિકાએ હિઝબુલ મુજાહિદ્દીનના વડા સૈયદ સલ્લાહુદ્દીનને જાગતિક આતંકવાદી જાહેર કરીને પાકિસ્તાનને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેણે ભારતમાં આતંકવાદની નિકાસ કરવાનું બંધ કરવું જોઇએ. સોમવારે વ્હાઇટ હાઉસમાં નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મુલાકાત પછી જે સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું તેમાં ક્યાંય પાકિસ્તાનનો ઉલ્લેખ કરવામાં નહોતો આવ્યો, પણ આ મુલકાતના થોડા કલાકો પહેલાં જ અમેરિકાના વિદેશ ખાતાંએ નિવેદન બહાર પાડીને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવા માટે જવાબદાર મોહમ્મદ યુસુફ શાહ ઉર્ફે સૈયદ સલ્લાહુદ્દીનને જાગતિક આતંકવાદી જાહેર કરીને ભારતની આતંકવાદ સામેની લડાઇને ટેકો આપ્યો હતો.

ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

તાજેતરના કેટલાક મહિનાઓમાં કાશ્મીર ખીણમાં આતંકવાદ વધી ગયો છે તેના માટે મુખ્યત્વે હિઝબુલ મુજાહિદ્દીન નામનું સંગઠન જવાબદાર છે. લશ્કરે તોઇબા જેવા સંગઠનો પાકિસ્તાનમાં મુખ્ય મથક ધરાવે છે, જયારે હિઝબુલ મુજાહિદ્દીનનું વડું મથક પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં છે. હિઝબુલ મુજાહિદ્દીન કાશ્મીરના યુવાનોને ઉશ્કેરીને તેમને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં લઇ જાય છે અને તેમને આતંકવાદની તાલીમ આપી ભારતમાં મોકલે છે.

સૈયદ સલ્લાહુદ્દીનનો જન્મ કાશ્મીરમાં થયો હતો, પણ તેણે આશરે ૩૦ વર્ષથી પાકિસ્તાનમાં આશરો લીધો છે. તેનું મૂળ નામ મોહમ્મદ યુસુફ શાહ છે, પણ ઇ.સ.૧૯૮૯માં તે જયારે હિઝબુલ મુજાહિદ્દીનનો વડો બન્યો ત્યારે તેણે બારમી સદીના જિહાદી મુસ્લિમ લડવૈયા સલ્લાદીનનાં નામ પરથી સૈયદ સલ્લાહુદ્દીનનું તખલ્લુસ ધારણ કર્યું હતું. તાજેતરમાં સલ્લાહુદ્દીને ઠાર થયેલા આતંકવાદી બુરહાન વાનીની વરસી ઉજવવાની હિમાયત કરી હતી.

સૈયદ સલ્લાહુદ્દીન તેના માતાપિતાનું સાતમું સંતાન હતો. તેના પિતા જમ્મુ કાશ્મીરના ટપાલ વિભાગમાં નોકરી કરતા હતા. સૈયદ સલ્લાહુદ્દીન પહેલા ડોક્ટર બનવાનું વિચારતો હતો, પણ પાછળથી તેણે સનદી સેવામાં જોડાવાનું નક્કી કર્યું હતું. સલ્લાહુદ્દીન કાશ્મીર યુનિવર્સિટીમાં પોલિટિકલ સાયન્સનો અભ્યાસ કરતો હતો ત્યારે તે જમાતે ઇસ્લામી નામના સંગઠનના સંપર્કમાં આવ્યો હતો અને તેની જમ્મુ કાશ્મીર શાખાનો અધ્યક્ષ બન્યો હતો. યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન તેના વિચારોમાં પરિવર્તન આવ્યું હતું. તે મુસ્લિમ મહિલાઓને બુરખો પહેરવા સમજાવવા લાગ્યો હતો અને શરિયતનું પાલન કરવા લાગ્યો હતો. કાશ્મીર ખીણમાં પાકિસ્તાન તરફી દેખાવો થતા ત્યારે સલ્લાહુદ્દીન પણ તેમાં સામેલ થઇ જતો હતો. સનદી સેવાની પરીક્ષા પાસ કરવાને બદલે સૈયદ સલ્લાહુદ્દીન કાશ્મીરની મદ્રેસામાં ઇસ્લામના શિક્ષક તરીકે જોડાઇ ગયો હતો.

કાશ્મીર ખીણના ઘણા આતંકવાદીઓ ભારતનું ખાય છે અને પછી ભારતનું જ ખોદે છે. સૈયદ સલ્લાહુદ્દીનને પાંચ પુત્રો છે, જે પાંચેય ભારતમાં ભણીને સરકારી નોકરીમાં સ્થાયી થયા છે. સલ્લાહુદ્દીનનો સૌથી મોટો પુત્ર શકીલ યુસુફ શ્રીનગરની શેરે કાશ્મીર હોસ્પિટલમાં મેડિકલ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. બીજો પુત્ર જાવેદ યુસુફ જમ્મુ કાશ્મીર સરકારના શિક્ષણ ખાતાંમાં કોમ્પ્યુટર ઓપરેટરની નોકરી કરે છે. ત્રીજો પુત્ર શાહીદ યુસુફ શેરે કાશ્મીર કૃષિ યુનિવર્સિટીમાં રિસર્ચ ફેલો તરીકે નોકરી કરે છે. ચોથો પુત્ર વાહિદ યુસુફ શેરે કાશ્મીર હોસ્પિટલમાં ડોક્ટર તરીકે નોકરી કરે છે. પાંચમો પુત્ર મુઇદ યુસુફ પણ સરકારી એજન્સીમાં જ નોકરી કરે છે.

ભારતની જાસૂસી સંસ્થા રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (રૉ) ના ભૂતપૂર્વ વડા અમરજીત સિંહ દુલાતે પોતાનાં પુસ્તકમાં હિઝબુલ મુજાહિદ્દીનના વડા સૈયદ સલ્લાહુદ્દીન સાથેના એક પ્રસંગનું પણ વર્ણન કર્યું છે. એક વખત દુલાત પર સલ્લાહુદ્દીનનો ફોન આવ્યો કે તેના પુત્રને શ્રીનગરની સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવો છે, પણ ગુણવત્તાને આધારે પ્રવેશ મળતો નથી. દુલાતે જમ્મુકાશ્મીરના તત્કાલીન મુખ્ય પ્રધાન ફારૂક અબ્દુલ્લાને ફોન કર્યો. તેમણે સલ્લાહુદ્દીનના પુત્ર માટે મેડિકલ કોલેજમાં એડમિશનની વ્યવસ્થા કરી દીધી. આ પુત્ર અત્યારે શ્રીનગરની હોસ્પિટલમાં નોકરી કરે છે. આ જ સૈયદ સલ્લાહુદ્દીન અત્યારે લશ્કરે તોઇબાના વડા હાફિઝ સઇદ સાથે મળીને કાશ્મીરી યુવાનોને ભારતના સુરક્ષાબળો સામે પથ્થરમારો કરવા ઉશ્કેરી રહ્યો છે. વર્તમાનમાં સૈયદ સલ્લાહુદ્દીન પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઇએસઆઇના હાથા તરીકે કામ કરી રહ્યો છે.

ડોક્ટર અથવા સનદી સેવક બનવા નીકળેલો સૈયદ સલ્લાહુદ્દીન આતંકવાદી કેવી રીતે બની ગયો તેની સ્ટોરી પણ જાણવા જેવી છે. ઇ.સ.૧૯૮૭માં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી થઇ તેમાં સૈયદ સલ્લાહુદ્દીન મુસ્લિમ મોરચાના ઉમેદવાર તરીકે ઊભો રહ્યો હતો. આ ચૂંટણીમાં ભારે ગોલમાલ થઇ હતી, જેને પરિણામે સલ્લાહુદ્દીન નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર સામે હારી ગયો હતો. સૈયદ સલ્લાહુદ્દીને ચૂંટણીમાં ગોલમાલ સામે આંદોલન શરૂ કર્યું હતું, જે હિંસક બની જતાં તેની ધરપકડ કરીને તેને જેલમાં પૂરવામાં આવ્યો હતો. ઇ.સ.૧૯૮૯માં તે જેલમાંથી છૂટીને મુહમ્મદ અહેસાન ડારે સ્થાપેલા આતંકવાદી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનમાં જોડાઇ ગયો હતો. અહેસાન ડાર હિઝબુલ મુજાહિદ્દીન છોડી ગયો તે પછી સલ્લાહુદ્દીન તેનો અધ્યક્ષ બની ગયો હતો.

વર્તમાનમાં જમ્મુ અને કાશ્મીર રાજયમાં જે આતંકવાદી ગતિવિધિઓ ચાલે છે, તેમાં હિજબુલ મુજાહિદ્દીનનો મુખ્ય ફાળો છે. ઇ.સ.૨૦૧૪ના એપ્રિલમાં કાશ્મીરમાં જે બોમ્બ ધડાકામાં ૧૭ લોકો ઘાયલ થયા તેની જવાબદારી હિઝબુલ મુજાહિદ્દીને લીધી હતી.પાકિસ્તાનના કબજા હેઠળનાં કાશ્મીરમાં જે આતંકવાદી છાવણીઓ ચાલે છે તેમાં કાશ્મીરના યુવાનોને મોકલવાનું કામ હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદીઓ કરે છે. તાજેતરમાં કાશ્મીરના યુવાનો જે પથ્થરમારાનું તોફાન કરી રહ્યા છે, તેની પાછળ પણ હિઝબુલ મુજાહિદ્દીનનો જ દોરીસંચાર છે.

હિઝબુલ મુજાહિદ્દીનનો વડો પાકિસ્તાનમાં રહીને ભારત સામે યુદ્ધ લડી રહ્યો છે ત્યારે તેની પત્ની, પાંચ પુત્રો અને બે પુત્રી કાશ્મીરના બડગામમાં રહીને વૈભવની જિંદગી જીવી રહ્યા છે. ભારતના ગુપ્તચર સૂત્રો કહે છે કે સૈયદ સલ્લાહુદ્દીન ભલે મોબાઇલ ફોન વડે પોતાના કુટુંબીજનો સાથે વાત નથી કરતો, પણ તે જમીન પર કામ કરી રહેલા કાર્યકરોના નેટવર્ક મારફતે પોતાના પરિવારના સંપર્કમાં રહે છે. થોડાં વર્ષો પૂર્વે સલ્લાહુદ્દીનની પત્ની અને પુત્રીઓએ પાકિસ્તાન જવા માટે પાસપોર્ટ મેળવવાની બહુ મહેનત પણ કરી હતી. સૈયદ સલ્લાહુદ્દીન કાશ્મીરના આતંકવાદીઓના વિશાળ સંગઠન યુનાઇટેડ જિહાદી કાઉન્સિલનો પણ અધ્યક્ષ છે. અમેરિકાના વિદેશ ખાતાંએ સલ્લાહુદ્દીનને આતંકવાદી જાહેર કર્યો હોવાથી હવે અમેરિકાના કોઇ પણ નાગરિક કે સંસ્થા તેના સંગઠન સાથે કોઇ પણ જાતનો આર્થિક વહેવાર નહીં કરી શકે કે તેને દાન નહીં આપી શકે, જેને કારણે તે આર્થિક મુશ્કેલીનો ભોગ બની શકે છે. સલ્લાહુદ્દીનને આતંકવાદી જાહેર કરીને અમેરિકાએ પાકિસ્તાનના ગાલ પર તમાચો માર્યો છે.

**હિઝબુલ મુજાહિદ્દીનનો વડો પાકિસ્તાનમાં રહીને ભારત સામે યુદ્ધ લડી રહ્યો છે ત્યારે તેની પત્ની, પાંચ પુત્રો અને બે પુત્રી કાશ્મીરના બડગામમાં રહીને વૈભવની જિંદગી જીવી રહ્યા છે**

અનુસંધાન..પાના પહેલાનું)

## દિલ્હી ડાયરી

ભાગ લઈએ કે નહીં.

જો કે આ એક સત્ય છે કે કોંગ્રેસના નેતૃત્વવાળી ડો. સિંહના હેઠળની યુપીએ સરકારે જીએસટીને રજૂ કર્યુ હતું. તેમના માટે આ સમારંભનો બહિષ્કાર કરવું મુશ્કેલ છે કારણ કે આવું કરવાથી ભાજપને તેમની ટીકા કરવાની તક મળી જશે અને આનો અર્થ એવો થશે કે એનડીએ જીએસટીનો બધોં જ જશ લઈ જશે.

**અમલદારોમાં ફેરફારની જરૂરિયાત**

કેન્દ્રએ ગયા અઠવાડીયે ભારત સરકારના સચિવ સ્તરના અધિકારીઓમાં ફેરફાર કર્યા હતાં. ગૃહ સચિવ રાજીવ મહર્ષી અને નાણાં સચિવ અશોક લવાસા નિવૃત્ત થવાના છે આ કારણથી આ ફેરફારોની જરૂરત પણ હતી.

આ બે ટોચના અમલદારો હાલમાં નિવૃત્ત થયેલા આર્થિક બાબતોના સચિવ શક્તીકાંતા દાસ સાથે નહીં જોડાશે. અમલદારોના વર્તુળમાં પહેલાંથી અટકળો લાગી રહી છે કે કદાચ આ ત્રણેય નિવૃત્ત અધિકારીઓને નિવૃત્તિ પછીની કામગીરી સોંપવામાં આવે. એવું જાણવા મળ્યું છે કે તે ત્રણેય અધિકારીઓને ખાલી થનારી આ ત્રણ જગ્યાઓમાં નિયુક્ત કરી શકાય છેઃ સીએજી (કેગ) એસ કે શર્મા ટૂંક સમયમાં નિવૃત્ત થવાના છે, ઈલેક્શન કમિશ્નર - કારણ કે મુખ્ય ચૂંટણી આયુક્ત ટૂંક સમયમાં નિવૃત્ત થવાના છે અને વિશ્વ બેંકમાં એગ્ઝીક્યુટીવ ડિરેક્ટર સ્તરનું પદ ખાલી થશે કારણ કે સુભાષ ગર્ગને આર્થિક બાબતોના મંત્રાલયના સચિવ તરીકે નિયુક્ત કરાશે. આ નિયુક્તીઓમા કદાચ મોડું થઈ શકે છે કારણ કે નવા ચૂંટણી કમિશ્નરને ઓગ્સટ પહેલાં નિયુક્ત નહીં કરી શકાશે કારણ કે રાષ્ટ્રપતિ અને ઉપ-રાષ્ટ્રપતિની ચૂંટણી પૂર્ણ થાય ત્યારબાદ આ નિયુક્તિ કરાશે.

**ઈફ્તાર પાર્ટીનું રાજકારણ**

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ઈફ્તાર પાર્ટી રાખી હતી તેમાં કોઈ પણ કેન્દ્રીય પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતાઓએ હાજરી આપી ન હતી. આશ્ચર્યજનક રીતે જ્યારે કેન્દ્રીય પ્રધાન મુખ્તાર અબ્બાસ નક્વી અને પૂર્વ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા શાહનવાઝ હુસૈને ઈફ્તાર પાર્ટીનું આયોજન કર્યુ હતું તો આ બધાં જ હાજર રહ્યા હતાં. બંને ભાજપ નેતાઓએ હકીકતમાં ઈદનું ભોજન રાખ્યું હતું. દેખીતી રીતે ઈદનું ભોજન રાખવા પાછળનું કારણ એ છે કે ઈફ્તાર પાર્ટી રાખવાથી કોઈ પ્રકારનો વિવાદ ન ઉભો થાય કારણ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ પ્રકારની પાર્ટીઓ આયોજિત કરવામાં નથી માનતાં. આ કારણથી સુરક્ષિત રહેવું સારું છે સાથે જ ઈદની ઉજવણીમાંથી બાકી ન રહેવું તે આ બે મુસ્લિમ નેતાઓનો ઉદ્દેશ્ય હતો.

**આધાર ફરજિયાત**

આવી રીતે અસરગ્રસ્ત થયેલી કોઈ વ્યક્તિ તેની સામે અત્યાર સુધી આવી નથી.

કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલાં એડીશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યુ હતું કે જો કોઈ પાસે આધાર નહીં હશે તો પણ સરકાર તેને સામાજિક કલ્યાણની યોજનાઓના લાભો આપશે. તેમણે ૮ ફેબ્રુઆરીની અધિસૂચનાના સંદર્ભમાં કહ્યુ હતું કે તેમાં સ્પષ્ટ કરાયેલું છે કે જો કોઈ પાસે આધાર નહીં હોય તો તેને આ લાભો બીજા ઓળખ પત્ર જેમ કે વોટર આઈડી કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ અને પાન કાર્ડ બતાવીને પણ મળશે. આ અધિસૂચનાનો ઉદ્દેશ્ય એટલો છે કે કોઈ બનાવટી વ્યક્તિ આ લાભોને ન ઉઠાવે. તેમણે અદાલતને વધુમાં જણાવ્યું હતું કે જેમની પાસે આધાર નથી તેમને તે માટે નોંધણી કરાવા માટેની અંતિમ તારીખ ૩૦ જૂન હતી જેને સરકારે લંબાવીને ૩૦ સપ્ટેમ્બર કરી હતી અને આ સમયગાળામાં કોઈ પણ સામાજિક કલ્યાણની યોજનાના લાભોથી વંચિત નહીં રહેશે.

**માન સરોવર યાત્રા**

સીમા પાર કરીને ચીની સેનાના સામાન્ય કાર્યોમાં વિઘ્ન નાંખ્યો હતો, એમ વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યુ હતું. ચીની સુરક્ષા મંત્રાલયે ભારતીય સેના પર આરોપ લગાવ્યો હતો કે તેણે અમારા ક્ષેત્રમાં ચાલી રહેલા માર્ગ બાંધકામમાં વિઘ્ન નાંખ્યું હતું. જે વિસ્તારમાં માર્ગનું બાંધકામ ચાલી રહ્યુ છે તેને ચીન પોતાનો વિસ્તાર માને છે. ભારતીય સેના અને ચીની સેના વચ્ચે થયેલા સંઘર્ષ બાદ સિક્કિમ ક્ષેત્રમાં તણાવ ફેલાયો હતો ત્યારબાદ ચીને આ નિવેદન કર્યા હતાં. આ બનાવ જૂનના પ્રથમ અઠવાડીયામાં બન્યો હતો જેમાં સેનાએ સિક્કિમ સેક્ટરમાં ભારતમાં પ્રવેશ કર્યો હતો અને ભારતીય સેના સાથે લડાઈ કરી હતી સાથે જ ભારતના બે બંકરો નષ્ટ કર્યા હતાં. વર્ષ ૧૯૬૨માં ભારત-ચીન યુદ્ધ બાદ આ વિસ્તાર ભારતીય સેના અને આટીબીપીના હેઠળ આવે છે જે સીમાની સુરક્ષા કરે છે અને આંતરરાષ્ટ્રીય સીમાથી તેનો કેમ્પ ૧૫ કિલોમીટર અંદર છે.

**GSTના**

આકારના સેન્ટ્રલ હોલમાં આયોજિત કરાશે જેમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડા પ્રધાન નરેન્દ્રમોદી, નાણાં પ્રધાન અરૂણ જેટલી અને વરિષ્ઠ મંત્રીઓ અને અમલદારો સહિત અન્ય મહત્વની હસ્તીઓ ભાગ લેશે, આ પહેલાં સેન્ટ્રલ હોલમાં સ્વતંત્રતાના ૫૦ વર્ષની ઉજવણીનો સમારંભ આયોજિત કરાયો હતો.

મુખર્જીએ જીએસટી લાવવા માટે બંધારણમાં સુધારા લાવવા માટેનું પ્રથમ બિલ વર્ષ ૨૦૧૧માં રજૂ કર્યુ હતું જ્યારે તે આ પહેલાંની યુપીએ સરકારમાં નાણાં પ્રધાન હતાં.

સૂત્રોએ જણાવ્યું હતું કે આવતીકાલની રીહર્સલ આયોજિત કરવા પાછળનું કારણ છે કે એ વાતની ખાતરી કરાય કે બધું જ સારી રીતે આયોજિત થાય અને કાર્યક્રમનું સંચાલન સહેલાઈથી થાય. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે મુખ્ય સમારંભ ૩૦ જૂનની રાતે ૧૧.૦૦ વાગે શરૂ થશે જે રાત્રે ૧૨.૩૦ વાગ્યા સુધી ચાલશે.

**પાકિસ્તાન ત્રાસવાદ**

બહાર પડાયું હતું. રોઝ ગાર્ડન ખાતે મોદીએ જણાવ્યું કે અમે અમેરિકાને મુખ્ય ભાગીદાર તરીકે જોઇએ છીએ. ટ્રમ્પે કહ્યું કે અમે આપની આપની સાથે કામ કરવા આશાવાદી છીએ. ટ્રમ્પે સલામતી સમિતિમાં ભારતના સભ્યપદના દાવાને ટેકો આપ્યો હતો. સંયુક્ત નિવેદનમાં પાકિસ્તાન, મુંબઇ હુમલા અને પઠાણકોટ હુમલાનો ઉલ્લેખ કરાયો હતો. જૈશ એ મોહંમદ અને લશ્કરે તોઇબા જેવા ત્રાસવાદી સંગઠનો અને દાઉદ ગેંગનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો. તેમાં જણાવાયું કે પાકિસ્તાન મુંબઇ અને પઠાણકોટ હુમલાના ગુનેગારોને સજા કરે.૧૯૯૩ના મુંબઇ વિસ્ફોટના માસ્ટર માઇન્ડ દાઉદ અને તેના નેટવર્કને લીધે પેદા થતા ત્રાસવાદી ખતરાનો પણ ઉલ્લેખ કરાયો.

**મુસ્લિમ દેશો**

એકાઉન્ટ ઉપર મુકવામાં આવી છે. જો કે આ એકાઉન્ટની તપાસ/ચકાસણી કરાઇ નથી. ખામનેઇ ઇદના અવસરે મુસ્લિમ દેશોના કેટલાક રાજદૂતો, સરકારી અધિકારીઓ અને લોકોને મળ્યા હતા તે પછી તહેરાનના ગ્રેટ મુસાલા મેદાનમાન તેમણે જણાવ્યું હતું કે મુસ્લિમ દેશો વચ્ચે પેલેસ્ટાઇન એક મહત્વનો મુદ્દો છે. ઇસ્લામિક કાનૂન મુજબ મુસ્લિમોની ધરતી ઉપર જયારે પણ કોઇ દુશ્મન પેદા થયો જેવી રીતે પણ સંભવ હોય તેની વિરૂધ્ધ જેહાદ ચલાવવી એ આપણા બધાની ફરજ છે. આજે ઝિયોનિસ્ટ શાસન વિરૂધ્ધ મુસ્લિમોની લડાઇની જરૂરત છે. કેટલાક લોકો શા માટે પાછળ હઠી રહયા છે?

**દુનિયા ફરી**

અને ફ્રેન્ચ ઔદ્યોગીક જૂથ સેન્ટ-ગોબેન જેવી કંપનીઓએ જણાવ્યું હતું કે તેમના પર આ વાયરસનો હુમલો થયો હતો અને તેમણે ડેટા ખરાબ ન થાય તે માટે સુરક્ષાના પગલાં લીધા હતાં. આ વાયરસની સૌથી ખરાબ અસર યુક્રેન અને રશિયામાં થઈ હતી, યુરોપ બાદ અમેરિકામાં પણ આ સાયબર હુમલો થયો હતો. અમેરિકાની દવા કંપનીઓમાં સૌથી ટોચની કંપની મર્કએ પુષ્ટિ કરી હતી કે તે વૈશ્વિક સાયબર હુમલાનો શિકાર થઈ હતી. દરમિયાન મુંબઈમાં આવેલા ભારતના સૌથી મોટા બંદર જવાહરલાલ નેહરૂ પોર્ટ (જેએનપીટી) પર પણ આ સાયબર હુમલાની અસર દેખાઈ હતી જેના પગલે તેના ૩ ટર્મિનલમાંથી ૧ના કામકાજ પર અસર પડી હતી. ડબ્લુપીપીએ ટ્વીટ કરી પોસ્ટ કર્યુ હતું કે ડબ્લુપીપીની વિવિધ કંપનીઓ સાયબર હુમલાથી અસરગ્રસ્ત થઈ છે, અમે આ અંગે યોગ્ય પગલાં લીધા છે.

માનવામાં આવી રહ્યુ છે કે આ વાયરસ હુમલો રેન્સમવેર હુમલા જેવો જ છે જેને પેટ્યા ટાઈપ માનવામાં આવી રહ્યો છે, આ વાયરસે પહેલાં રશિયા અને યુક્રેનમાં ફેલાયો હતો. રશિયાની સૌથી મોટી ઓઈલ કંપની રોસનેફ્ટ, યુક્રેનના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને વૈશ્વિક ગ્લોબલ શિપીંગ ફર્મ એપી મુલર મેયર્મક આ હુમલાથી અસરગ્રસ્ત થઈ હતી.

દરમિયાન મર્કએ જણાવ્યું હતું કે અમારી કંપનીના કમ્પ્યુટર નેટવર્ક આજે ખરાબ થયા હતાં તેની ઉપર વૈશ્વિક હુમલાની અસર થઈ હતી. અન્ય કંપનીઓ પણ અસરગ્રસ્ત થઈ હતીં. રશિયાની સૌથી મોટી ઓઈલ કંપનીના, યુક્રેનના આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર સાથે જ વૈશ્વિક શીપીંગ કંપની એપી મુલર મેયરસ્ક આ હુમાલીથી અસરગ્રસ્ત થઈ હતી.

માનવામાં આવી રહ્ય છે કે અમેરિકાની નેશનલ સીક્યુરીટી એજેન્સી (એનએસએ) દ્વારા વિકસિત કરેલા કોડનો ઉપયોગ હેકર્સ કરી રહ્યા છે જે લીક થયો હતો અને ત્યારબાદ મે મહિનામાં વન્નાક્રાઈ રેન્સવેર હુમલામાં ઉપયોગમાં લેવાયો હતો.

# મેડિકલ-ડેન્ટલ પ્રવેશના નિયમો ૭૨ કલાકમાં જાહેર કરવા કોંગ્રેસનું અલ્ટીમેટમ

**મુખ્યમંત્રીને** ઘેરાવા સહિતના કાર્યક્રમો આપી ઉગ્ર આંદોલન છેડવાની ચિમકી

અમદાવાદઃ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ નીટની પરીક્ષક્ષાનું પરિણામ જાહેર થયુ હોવા છતાં રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા હજુએ મેડિકલ-ડેન્ટલના પ્રવેશ કાર્યવાહીના નિયમો તૈયાર કરાયા નથી. પરિણામે વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આગામી ૭૨ કલાકમાં રાજ્ય સરકાર દ્વારા મેડિકલ-ડેન્ટલના પ્રવેશ નિયમો જાહેર કરવા કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી છે. સાથે જ જો રાજ્ય સરકાર નિયમો જાહેર નહીં કરે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે. રાજ્યની મેડિકલ-ડેન્ટલ કોલેજોમાં અભ્યાસક્રમ માટે છેલ્લા ઘણાં સમયથી વાલીઓ અને વિદ્યાર્થીઓ ભારે અસમંજસની સ્થિતિમાં છે. અગાઉ નીટ લેવાશે કે કેમ ? તે મામલે વિદ્યાર્થીઓ દ્વિધામાં હતા. નીટની પરીક્ષા લેવાયા બાદ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અન્યાયનો મામલો બહાર આવ્યો. આ તમામ વિવાદો વચ્ચે નીટની પરીક્ષા યોજાઈ હતી અને તેનું પરિણામ પણ જાહેર થઈ ગયું છે. તેમ છતાં રાજ્યનું શિક્ષણ વિભાગ જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેવું જણાય છે. હજુ સુધી મેડિકલ-ડેન્ટલના પ્રવેશ માટેના નિયમો તૈયાર કરાયા નથી. તેથી આગામી ૭૨ કલાકમાં સરકાર દ્વારા નિયમો જાહેર કરવામાં તેવી કોંગ્રેસે માંગ કરી છે.

**મુખ્યમંત્રીના જ્યાં પણ કાર્યક્રમ હશે ત્યાં ઘેરાવ કરાશે**

કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, જો આગામી ૭૨ કલાકમાં મેડિકલ-ડેન્ટલના પ્રવેશ માટેના નિયમો તૈયાર નહીં કરાય તો રાજ્યમાં મુખ્યમંત્રીનો જ્યાં પણ કાર્યક્રમ હશે ત્યાં તેમના ઘેરાવા સહિત ઉગ્ર આંદોલન કરવામાં આવશે.